**Press Release**

# મહિન્દ્રાએ રૂ. 8.48 લાખની પ્રારંભિક કિંમત પર નવી 'બોલેરો નીયો' પ્રસ્તુત કરી

- *સ્કોર્પિયો અને થારની જેમ બોલેરો નીયો થર્ડ જનરેશન ચેસિસ પર બનેલી છે તથા મહિન્દ્રાનું સફળ એમ-હોક એન્જિન ધરાવે છે*
- *પ્રીમિયમ ઇટાલિયન ડિઝાઇન ઇન્ટેરિઅર્સ*
- *આધુનિક ડિઝાઇન, ખડતલ, અધિકૃતતા અને સક્ષમ એસયુવીના બોલેરોની મૂળ ખાસિયતો ધરાવે છે*
- *આજથી સમગ્ર ભારતમાં મહિન્દ્રાની તમામ ડિલરશિપમાં ઉપલબ્ધ*

**મુંબઈ, 13 જુલાઈ, 2021:** ભારતમાં અગ્રણી ઓટોમોબાઇલ કંપનીઓ પૈકીની એક અને વિશ્વમાં વોલ્યુમની દ્રષ્ટિએ ટ્રેક્ટરની સૌથી મોટી કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડએ આજે એની આઇકોનિક બોલેરો એસયુવી પોર્ટફોલિયોનું નવું મોડલ – 'બોલેરો નીયો' પ્રસ્તુત કર્યું હતું. આજથી સમગ્ર ભારતમાં મહિન્દ્રાની તમામ ડિલરશિપમાં ઉપલબ્ધ નવી બોલેરો નીયોની કિંમત N4 વેરિઅન્ટ માટે રૂ. 8.48 લાખ (એક્સ-શોરૂમ, ઓલ ઇન્ડિયા) છે. બોલેરો નીયો પ્રસ્તુત થવાની સાથે બોલેરો એસયુવી પોર્ટફોલિયો હવે બોલેરોના હાલના વફાદાર ગ્રાહકો માટે તથા ખડતલ, અધિકૃત, કોઈ પણ વિસ્તારમાં જવાની ક્ષમતા ધરાવતી છતાં આધુનિક અને ટ્રેન્ડી એસુયવી ઇચ્છતા ગ્રાહકો માટે નવી બોલેરો નીયો ઉપલબ્ધ થશે.

**એમએન્ડએમ લિમિટેડના ઓટોમોટિવ ડિવિઝનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વીજય નાકરાએ કહ્યું હતું કે,** "બોલેરો બ્રાન્ડ મજબૂત વફાદાર વર્ગ ધરાવે છે અને બે દાયકાથી વધારે સમયગાળાથી ભારતીય માર્ગો પર પ્રભુત્વ ધરાવે છે. આ નવી પ્રોડક્ટ સાથે અમે આધુનિક આઉટલૂક, મજબૂતી અને આકાંક્ષા સાથે બ્રાન્ડ બોલેરો પ્રત્યે ગ્રાહકોના લગાવનો સમન્વય ધરાવીએ છીએ. નવી બોલેરો નીયોમાં ડિઝાઇન, પર્ફોર્મન્સ અને ઉત્કૃષ્ટ એન્જિનીયરિંગ બોલેરોના અધિકૃત ગુણોનો સમન્વય ધરાવે છે, જે સાહસિક અને ઉત્સાહી યુવાન ભારતીયો માટે સંપૂર્ણપણે પરફેક્ટ છે. બોલેરો એસયુવી બ્રાન્ડ પોર્ટફોલિયોમાં બોલેરો નીયોનો ઉમેરો અમને દેશમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ટોચની 10 એસયુવીમાં બોલેરોનું સ્થાન જાળવી રાખવામાં મદદ કરશે."

**બોલેરો નીયોને અધિકૃત છતાં આધુનિક બોલેરો કઈ ખાસિયતો બનાવે છે?**

- ક્લાસિક બોલેરો સિલહટ આધુનિક ડિઝાઇન, પ્રીમિયમ ઇટાલિયન ડિઝાઇન ઇન્ટેરિઅર્સ અને અનેક સુવિધાઓ અને કનેક્ટેડ ખાસિયતો ધરાવે છે
- 73.5 kW (100 BHP) પાવર અને 260 Nm ટોર્ક સાથે એમહોક 100 એન્જિન સાથે મજબૂત પર્ફોર્મન્સ
- સ્કોર્પિયો અને થારની જેમ થર્ડ જનરેશન ચેસિસ સાથે મજબૂત કોઈ પણ જગ્યાએ જવાની ક્ષમતા
- મલ્ટિ-ટેરિન ટેકનોલોજી (MTT)
- નોંધપાત્ર સલામતી ટેકનોલોજી અને માલિકીનો ઓછો ખર્ચ
- ઓછું મેઇન્ટનન્સ

આધુનિક ડિઝાઇન, પાવરફૂલ ટેકનોલોજી અને સુવિધાજનક ખાસિયતો સાથે બોલેરો નીયો યુવાન અને નવી આકાંક્ષા ધરાવતા ગ્રાહકો માટે બનાવવામાં આવી છે. એમાં સ્ટાઇલિશ નવી ડિઝાઇન, ઇટાલિયન ઓટોમોટિવ ડિઝાઇન પિનઇન્ફેરિના દ્વારા બનાવવામાં આવેલું પ્રીમિયમ ઇન્ટેરિઅર, સુવિધાજનક કેબિન તથા સ્ટાન્ડર્ડ ડ્યુઅલ એરબેગ, ઇલેક્ટ્રોનિક બ્રેક ડિસ્ટ્રિબ્યુશન (ઇબીડી) સાથે એન્ટિ-લોક બ્રેકિંગ સિસ્ટમ (એબીએસ) અને કોર્નરિંગ બ્રેક કન્ટ્રોલ

Copyright © 2021 Mahindra & Mahindra Ltd. All rights reserved.

(સીબીસી) તથા આઇસોફિક્સ ચાઇલ્ડ સીટ જેવી સેફ્ટી ટેકનોલોજી સામેલ છે. આ સ્કોર્પિયો અને થારની જેમ થર્ડ જનરેશન ચેસિસ પર નિર્મિત છે તથા મહિન્દ્રાનું સફળ એમહૉક એન્જિન ધરાવે છે.

**એમએન્ડએમ લિમિટેડના ઓટોમોટિવ ડિવિઝનના ગ્લોબલ પ્રોડક્ટ ડેવલપમેન્ટના ચીફ વેલુસામી આરએ** કહ્યું હતું કે, "સ્કોર્પિંટો અને થારની જેમ નવી બોલેરો નીયો થર્ડ-જનરેશન ચેસિસ પર નિર્મિત છે, જે એને પાવરફૂલ ખાસિયતો પ્રદાન કરે છે અને એની કેટેગરીની અન્ય એસયુવીથી અલગ બનાવે છે. એનું ખડતલ બોડી-ઓન-ફ્રેમ કન્સ્ટ્રક્શન, મહિન્દ્રાનું સફળ એમ-હૉક ડિઝલ એન્જિન અને મલ્ટિ ટેરિન ટેકનોલોજી બોલેરો નીયોને દુર્ગમ વિસ્તારોને જીતવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ આપે છે. તમામ મુખ્ય ખાસિયતો સાથે સજ્જ બોલેરો નીયો અમારી ઉત્પાદનની ગુણવત્તા, ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ, એસયુવીની મુખ્ય ખાસિયતો અને મૂલ્ય માટેની સતત કટિબદ્ધતા પર ભાર મૂકે છે."

આ નવી કુશળતાઓ સાથે નવી બોલેરો નીયો એ ખાસિયતોને જાળવી રાખે છે, જેણે છેલ્લાં બે દાયકાથી વધારે સમયથી કારના ગ્રાહકો વચ્ચે બોલેરો પ્લેટફોર્મની લોકપ્રિયતા અકબંધ રાખી છે. આ એના ખડતલ દેખાવ અને સિગ્નેચર બોલેરો બોડીની સાથે 100 એચપીના એમ-હૉક એન્જિન, જબરદસ્ત બોડી અને કોઈ પણ જગ્યાએ જવાની ક્ષમતામાં પ્રતિબિંબિત થાય છે, જે માટે એનું બોડી ઓન ફ્રેમ નિર્માણ, રિઅર વ્હીલ ડ્રાઇવ અને મલ્ટિ-ટેરિન ટેકનોલોજીને આભારી છે.

નવી બોલેરો નીયો સ્પેશિયસ 7-સીટર કન્ફિગરેશન ઓફર કરસે અને ત્રણ વેરિંટ (N4-બેઝ, N8-મિડ, N10- ટોપ) તથા સાત કલર વિકલ્પો (રોકી બીજ, મેજેસ્ટિક સિલ્વર, હાઇવ રેડ, પર્લ વ્હાઇટ, ડાયમન્ડ વ્હાઇટ, નપોલી બ્લેક અને રૉયલ ગોલ્ડ (ટૂંક સમયમાં))માં ઉપલબ્ધ થશે. આ 13 જુલાઈ, 2021થી મહિન્દ્રાની ડિલરશિપમાં ઉપલબ્ધ થશે.

મલ્ટિ ટેરિન ટેકનોલોજી (મેન્યુઅલ લોક ડિફરેન્શિયલ) સાથે વૈકલ્પિક વેરિઅન્ટ N10 (O) પછી પ્રસ્તુત થશે.

***<u>નવી બોલેરો નીયોની ખાસિયતો</u>***

**<u>અંદરથી ભવ્ય:</u>**

- પ્રીમિયમ ઇટાલિયન ઇન્ટેરિઅર્સ
- સિલ્વર એસેન્ટ્સ સાથે સેન્ટર કોન્સોલ
- પ્રીમિયમ ફેબ્રિકની સીટ
- સુવિધાજનક 7-સીટર
- ટિલ્ટેબલ સ્ટીઅરિંગ
- હાઇટ-એડજસ્ટેબલ ડ્રાઇવર સીટ
- ફ્રન્ટ અને મિડલ રોમાં આર્મરેસ્ટ
- આકર્ષક ટ્વીન પોડ ઇન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર
- ઇલેક્ટ્રિકલી એડજસ્ટેબલ ORVM
- આગળ અને પાછળ પાવર વિન્ડો

Copyright © 2021 Mahindra & Mahindra Ltd. All rights reserved.

- રિઅર વોશ અને ડીફોગર સાથે વાઇપ
- રિમોટ લોક અને કીલેસ એન્ટ્રી
- મજબૂત સાઇડ અને રિઅર ફૂટસ્ટેપ
- સ્પેશિયસ એક્ષ્પાન્ડેબલ બૂટ સ્પેસ

**એક્ષ્ટેરિયર્સમાં આધુનિકતાઃ**

- અધિકૃત એસયુવી ડિઝાઇન અને આકર્ષક દેખાવ
- DRLs સાથે સ્ટેટિક બેન્ડિંગ હેડલેમ્પ
- સ્ટાઇલિશ એલોય વ્હીલ
- સ્પોર્ટી સ્પોઇલર
- સિગ્નેચર બોલેરો બોડી ક્લેડિંગ
- કમાન્ડિંગ હૂડ
- પાવરફૂલ ફોગ લેમ્પ

**અદ્યતન ટેકનોલોજી: સતત સંપર્કમાં, માહિતીપ્રદ રહો, સતત મનોરંજન મેળવો**

- અદ્યતન 17.8 સેમી (7”) ટચસ્ક્રીન ઇન્ફોટેઇન્મેન્ટ સિસ્ટમ
- અદ્યતન ક્રૂઝ કન્ટ્રોલ
- ડ્રાઇવર ઇન્ફોર્મેશન સિસ્ટમ
- હાઇ-ટેક વોઇસ મેસેજિંગ સિસ્ટમ
- બ્લૂ સેન્સ મોબાઇલ એપ
- ઇકો મોડ
- ESS (ઇલેક્ટ્રોનિક સ્ટાર્ટ-સ્ટોપ) સાથે માઇક્રો હાઇબ્રિડ ટેકનોલોજી
- ઇન્ટેલિપાર્ક રિવર્સ આસિસ્ટ

**સલામતી: દરેક માઇલ પર સલામતીની ખાતરી**

- અતિ મજબૂત સ્ટીલ બોડી શેલ
- ડ્રાઇવર અને કો-ડ્રાઇવર માટે ડ્યુઅલ એરબેગ્સ
- ઇલેક્ટ્રોનિક બ્રેક ડિસ્ટ્રિબ્યુશન (EBD) સાથે ABS
- ઓટોમેટિક ડોર લોક્સ
- હાઈ સ્પીડ એલર્ટ વોર્નિંગ્સ
- વિશ્વસનિય કોર્નરિંગ બ્રેક કન્ટ્રોલ
- આઇસોફિક્સ ચાઇલ્ડ સીટ
- સ્ટેટિક બેન્ડિંગ હેડલેમ્પ્સ

Copyright © 2021 Mahindra & Mahindra Ltd. All rights reserved.

- ફોલો મી હેડલેમ્પ
- ડિજિટલ ઇમ્મોબિલાઇઝર
- સીટ બેલ્ટ રિમાઇન્ડર

**About Mahindra**

Founded in 1945, the Mahindra Group is one of the largest and most admired multinational federation of companies with 260,000 employees in over 100 countries. It enjoys a leadership position in farm equipment, utility vehicles, information technology and financial services in India and is the world's largest tractor company by volume. It has a strong presence in renewable energy, agriculture, logistics, hospitality and real estate.

The Mahindra Group has a clear focus on leading ESG globally, enabling rural prosperity and enhancing urban living, with a goal to drive positive change in the lives of communities and stakeholders to enable them to Rise.

Learn more about Mahindra on www.mahindra.com / Twitter and Facebook: @MahindraRise/ For updates subscribe to https://www.mahindra.com/news-room

**Media contact information**

AnkitaUpadhyay
Lead Marketing Communications (PV, CV, SCV and Pikup)
Mahindra & Mahindra Ltd.
Email – upadhyay.ankita@mahindra.com

Copyright © 2021 Mahindra & Mahindra Ltd. All rights reserved.